# ADIWASI ARTS & COMMERCE COLLEGE SANTRAMPUR

# REGULAR ACTIVITY

# YEAR – 2019/20

| ક્રમ | પ્રવૃત્તિ | તારીખ |
|---|---|---|
| **1** | વિશ્વ યોગ દિવસની ઉજવણી | **21/06/2019** |
| **2** | ઓરિએન્ટેશન પ્રોગ્રામ | **09/07/2019** |
| **3** | સ્વચ્છતા પખવાડિયું | **01/08/2019 થી 15/08/2019** |
| **4** | સ્વચ્છતા શપથ | **02/08/2019** |
| **5** | ક્લાસરૂમ સફાઈ | **07/08/2019** |
| **6** | વૃક્ષારોપણ | **10/08/2019** |
| **7** | 73 માં સ્વતંત્રતા દિન ની ઉજવણી | **15/08/2019** |
| **8** | આંબેડકર છાત્રાલય કેમ્પસમાં વૃક્ષારોપણ | **28/08/2019** |
| **9** | **FIT INDIA** | **29/08/2019** |
| **10** | ઈલેકટર્સ વેરિફિકેશન પ્રોગ્રામ | **31/08/2019** |
| **11** | **NO PLASTIC USE AWARENESS** | **12/09/2019** |
| **12** | મતદાર ચકાસણી કાર્યક્રમ | **19/09/2019** |
| **13** | મહાત્મા ગાંધીજીની 150 મી જન્મ જયંતી ની ઉજવણી | **02/10/2019** |
| **14** | યોગ શિબિર | **04/01/2020** |
| **15** | સ્વામી વિવેકાનંદ જન્મદિવસ યુવા દિવસની ઉજવણી | **12/01/2020** |
| **16** | નેતાજી સુભાષચંદ્ર બોઝ ની જન્મ દિવસ ની ઉજવણી | **23/01/2020** |
| **17** | રાષ્ટ્રીય મતદાર દિવસની ઉજવણી | **25/01/2020** |
| **18** | સિકોતરમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી | **26/01/2020** |
| **19** | ગુરૂપૂર્ણિમાની ઉજવણી | **2020** |

**તારીખ:-21/06/2019**

## વિશ્વ યોગ દિવસ ની ઉજવણી

આંતર રાષ્ટ્રીય યોગદિવસ નિમિતે NSS વિભાગ તરફથી સમગ્ર કૉલેજ ના વિદ્યાર્થી ઓ સાથે યોગ શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર સ્ટાફ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સામેલ થયા. યોગ નિષ્ણાંત તરીકે વિવેકાનંદ કેન્દ્ર વડોદરા સંતરામપુર વિભાગના શ્રી દિપકભાઈ ચાવડા ભરતભાઈ ચૌહાણ અર્જુનસિંહ ભાટી વગેરે હાજર રહ્યા જેમણે વિદ્યાર્થીઓને યોગ કરાવ્યા તથા નિયમિત યોગાસન કરવાથી થતા લાભ અંગે માહિતી આપી.










**તારીખ:-09/07/2019**

## ઓરિયેન્ટેશન પ્રોગ્રામ

કોલેજના NSS યુનિટ દ્વારા તારીખ 09/07/2019 ના રોજ કોલેજમાં નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે એનએસએસ મા જોડાવા જાગૃત કરવામાં આવ્યા તથા એનએસએસનું મહત્વ સમજાવવામાં આવ્યું orientation પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ પ્રિ. ડૉ. અભય પરમાર તથા P. O. ડૉ.એ. જી. ઠાકોર એ વિદ્યાર્થી ને સંબોધન કરેલું.











## તારીખ:-01/08/2019 થી 15/08/2019

## સ્વચ્છતા પખવાડિયું

તારીખ :-13/08/2019 મંગળવારના રોજ કોલેજમાં NSS યુનિટ દ્વારા સ્વચ્છતા અઠવાડિયું ના ભાગરૂપે જીવનમાં સ્વચ્છતા નું મહત્વ વિષય ઉપર ડૉ.કામિનીબેન દશોરા નું વ્યાખ્યાની યોજવામાં આવ્યું.ડૉ.દશોરાએ આદરણીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ સ્વચ્છતા અભિયાનમાં વિદ્યાર્થીઓની ભૂમિકા અને જવાબદારીની વાત કરી તથા સ્વચ્છતા નું મહત્વ સમજાવ્યું.







**તારીખ :-02/08/2019**

**સ્વચ્છતા શપથ**

કૉલેજ માં NSS યુનિટ દ્વારા યુનિટના વોલન્ટીર્સ મા સ્વચ્છતા અંગે જાગૃતિ આવે તથા સમાજમાં તે સ્વચ્છતા નું મહત્વ સમજાવી શકે તે ઉદ્દેશથી સ્વચ્છતા સપથનું આયોજન કરવામાં આવેલ વેલેન્ટી યર્સ એક સાથે સ્વચ્છતા ની જાળવણી અંગેના શપથ લીધા હતા.










**તારીખ :-07/08/2019**

## ક્લાસરૂમ સફાઈ

કૉલેજ માં NSS વિભાગ તરફથી તારીખ 07/08/2019 ના રોજ ક્લાસરૂમ સફાઈ નું અભિયાન ચલાવવામાં આવ્યું હતું જેમાં NSS વોલન્ટીર્સ તમામ ક્લાસરૂમની તથા લોબી અને મેદાન ની સફાઈ કરી હતી. કચરાનો યોગ્ય જગ્યાએ નિકાલ કર્યો હતો.










**તારીખ :-10/08/2019**

## વૃક્ષારોપણ

કૉલેજ માં NSS વિભાગ તરફથી તારીખ 10/08/2019 ના રોજ કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણનું કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે આદિવાસી વિકાસ પરિષદ દાહોદના મંત્રી શ્રી અને કોલેજના ટ્રસ્ટી શ્રી વનરાજભાઈ ડામોર તથા મહેમાન શ્રી સ્મિત સ્વામીના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું









**<u>તારીખ:-15/08/2019</u>**

## <u>73 માં સ્વતંત્રતા દિન ની ઉજવણી</u>

કૉલેજ મા NSS યુનિટ દ્વારા 15 મી ઓગસ્ટ 2019 ના રોજ 73 માં રાષ્ટ્ર સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે મોટી સંખ્યામાં NSS વોલન્ટીર્સ હાજર રહ્યા હતા.










## તારીખ :-28/08/2019

## આંબેડકર છાત્રાલય કેમ્પસમાં વૃક્ષારોપણ

તારીખ :- 28/08/2019 ના રોજ કોલેજમાં NSS યુનિટ દ્વારા નર્સિંગપુર, તા -સંતરામપુર મુકામે આવેલા ડૉ. બી. આર. આંબેડકર કુમાર છાત્રાલયના કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો.











**<u>તારીખ :- 29/08/2019</u>**

## FIT INDIA

કૉલેજ ના NSS યુનિટ દ્વારા FIT INDIA કાર્યક્રમ અંતર્ગત માનનીય વડાપ્રધાન દ્વારા આયોજિત લાઈવ પ્રોગ્રામનું દર્શન વિદ્યાર્થીઓને કરાવવામાં આવેલ હતું.આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજરી આપી અને માનનીય વડાપ્રધાનના કાર્યક્રમને નિહાળ્યો હતો.










**<u>તારીખ :- 31/08/2019</u>**

**<u>“ઇલેકટર્સ વેરિફિકેશન પ્રોગ્રામ”</u>**

કૉલેજ ના NSS વિભાગ દ્વારા મામલતદાર કચેરી સંતરામપુરના સહયોગથી તારીખ :- 31/08/2019 ના રોજ ઇલેકટર્સ વેરિફિકેશન પ્રોગ્રામ નું આયોજન કરવામાં આવ્યું આ પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓ તેમજ કોલેજ આપે ઇલેક્શન કમિશનની વોટર હેલ્પલાઇન મોબાઇલ એપ ડાઉનલોડ કરી હતી જેના દ્વારા ઘર બેઠા મતદાર ઓળખાળમાં ભૂલ સુધારી શકાય છે.











**<u>તારીખ :-12/09/2019</u>**

## NO PLASTIC AWARENESS

કૉલેજ ના NSS યુનિટ દ્વારા ન પ્લાસ્ટિક અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું આ પ્રસંગે પ્રોગ્રામમાં ડૉ. એ જી ઠાકોરે વિદ્યાર્થીઓને જણાવેલ કે આપણે પ્લાસ્ટિકનો ઓછામાં ઓછો વપરાશ કરવો જોઈએ ખાસ કરીને પ્લાસ્ટિકની થેલી પેકેટ પડીકી થી થતી કચરા ની સમસ્યાને ઉકેલવા તેનો ઉપયોગ ટાળવા જણાવ્યું હતું.










## <u>તારીખ :-19/09/2019</u>

## <u>મતદાર ચકાસણી કાર્યક્રમ</u>

કૉલેજ ના NSS વિભાગ દ્વારા મામલતદાર કચેરી સંતરામપુરના સહયોગથી તારીખ :- 19/09/2019 ના રોજ મતદાર ચકાસણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું કોલેજના વિદ્યાર્થીઓ તેમજ વાલીઓએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો જેમને ચૂંટણીકાર્ડમાં નાની મોટી ભૂલો હતી તે ચકાસણીને સુધારવામાં આવી હતી. મામલતદાર કચેરી માંથી પારગી અલ્પેશભાઈ તેમજ પટેલ તુષારભાઈ હાજર રહ્યા હતા.











**તારીખ :-02/10/2019**

## મહાત્મા ગાંધીજીની 150 મી જન્મ જયંતીની ઉજવણી

મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતી ની ઉજવણી કોલેજના NSS વિભાગ તરફથી પ્લાસ્ટિક વેસ્ટ મુક્તિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના NSS તથા અન્ય વિદ્યાર્થીઓ સાથે મળીને કોલેજ કેમ્પસ તથા કોલેજ પરિસરની બહારના રસ્તાઓ પરથી પ્લાસ્ટિક કચરો વીણીને તેનો યોગ્ય નિકાલ કર્યો હતો.









**<u>તારીખ :-04/01/2020</u>**

## <u>યોગ શિબિર</u>

કોલેજના NSS યુનિટ દ્વારા તારીખ 04/01/2020 ના રોજ એક વિશેષ યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલું. આ પ્રસંગે વિવેકાનંદ કેન્દ્ર વડોદરા ના જીવન સમર્પિત સેવક લોકેશભાઈ હાજર રહ્યા હતા તથા ઠાકોર કિંજલબેન (કેન્દ્રના કાર્યકર્તા) દ્વારા વિદ્યાર્થીઓને યોગાસન તેમજ વિવિધ રમતો રમાડી હતી.











**તારીખ :-12/01/2020**

## સ્વામી વિવેકાનંદ જન્મદિવસ ‘યુવા દિવસની’ ઉજવણી

કોલેજના NSS વિભાગ તરફથી સ્વામી વિવેકાનંદજીની 157 ની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે નિબંધ સ્પર્ધા અને વકૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. ઉત્કૃષ્ટ રજૂઆત કરનાર વિદ્યાર્થીઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.










**<u>તારીખ :-23/01/2020</u>**

## <u>નેતાજી સુભાષચંદ્ર બોઝ ની જન્મ દિવસ ની ઉજવણી</u>

કોલેજના એનએસએસ યુનિટ દ્વારા તારીખ 23 1 2020 ના રોજ નેતાજી સુભાષચંદ્ર બોઝ ના જન્મદિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે નેતાજીના જીવન અને કાર્ય ઉપર શ્રી મૂળચંદ રાણા ( પૂર્વ GPSC) સદસ્યનું વ્યાખ્યા રાખવામાં આવ્યું તથા નેતાજીને પુષ્પાંજલિ આપવામાં આવી.










**તારીખ :-25/01/2020**

## રાષ્ટ્રીય મતદાર દિવસની ઉજવણી

કોલેજના NSS યુનિટ દ્વારા તારીખ 25/01/2020 ના રોજ રાષ્ટ્રીય મતદાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે વોલન્ટીર્સ તેમજ કોલેજના અન્ય વિદ્યાર્થીઓ સમક્ષ મતદાનનું મહત્વ મતદાન જાગૃતિ અને લોકશાહી વગેરે બાબતો અંગે માહિતી આપવામાં આવી હતી.











**તારીખ :-26/01/2020**

## 71 માં પ્રજાસત્તાક દિવસ ની ઉજવણી

કોલેજના NSS યુનિટ દ્વારા દેશના 71 મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે મોટી સંખ્યામાં NSS હાજરી આપી હતી તથા દેશભક્તિના દર્શન કરાવ્યા હતા.










**<u>તારીખ :-2020</u>**

## <u>ગુરુપૂર્ણિમાની ઉજવણી</u>

NSS વિભાગ અને CWDC ના સંયુક્ત ઉપક્રમે કોલેજમાં ગુરુપૂર્ણિમાની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. NSS ના વોલન્ટીર્સ એ તમામ ગુરુજનોને પુષ્પ અર્પણ કર્યું હતું. કપાળમાં તિલક કરી આશીર્વાદ લીધા હતા.







